# ભાવનગર યુનિવર્સિટી
# ડિપ્લોમા ઈન પેઈન્ટીંગ
# (ત્રણ વર્ષનો ખંડસમય સ્વનિર્ભર અભ્યાસક્રમ)

ડિપ્લોમા ઈન પેઈન્ટીંગનો આગામી ૨૦૦૪ થી નવો સૂચિત અભ્યાસક્રમ જે ફાઈન આર્ટ એડહોક બોર્ડ સૂચવેલ છે.

**એડહોક બોર્ડના સભ્યોશ્રી**

(૧) શ્રી ભરતભાઈ પંડ્યા (ભાવનગર) કો-ઓડીનેટર.
(૨) શ્રી અજીતભાઈ પટેલ (વલ્લભવિદ્યાનગર)
(3) શ્રી રણવીરસિંહ ચૌહાણ (વલ્લભવિદ્યાનગર)
(૪) ડૉ. પૂર્ણિમાબેન મહેતા (ડીન શ્રી વિનયન વિદ્યાશાખા)

**સૂચિત ૨૦૦૪ થી અમલમાં મૂકવાનો અભ્યાસક્રમનો અમલ ક્રમશ થશે.**

પ્રથમવર્ષ પેઈન્ટીંગ ૨૦૦૪ અમલમાં
બીજુવર્ષ પેઈન્ટીંગ ૨૦૦૫ અમલમાં
ત્રીજુવર્ષ પેઈન્ટીંગ ૨૦૦૬ અમલમાં

**પ્રવેશ ધોરણ -**

(૧) ધોરણ-૧૨ પાસ અથવા સમકક્ષ પરીક્ષા પાસ
(૨) ઉચ્ચ અભ્યાસ કરતા આર્ટસ-સાયન્સ-કોમર્સ અથવા કોઈ પણ ફેકલ્ટીના ઉમેદવારો પ્રવેશ મેળવી શકશે.
(3) આ અભ્યાસક્રમ ખંડ સમયનો હોય 3 કલાકનો રહેશે.
(૪) એક તાસ એક કલાકનો રહેશે.
(૫) આ કોર્સમાં દાખલ થવા માટે પ્રવેશ ટેસ્ટ પદાર્થ ચિત્ર, સ્મૃતિ ચિત્ર, નેચર ડ્રોઈંગ, ડિઝાઈન વિષય પૈકી એક લેવામાં આવશે તથા મૌખીક ઈન્ટરવ્યુ લેવામાં આવશે.
(૬) ઉપરોક્ત ટેસ્ટમાં પાસ થનારને પ્રવેશ અપાશે.

પરીક્ષાના ધોરણો -

(૧) પ્રત્યેક વર્ષની વાર્ષિક પરીક્ષામાં ઉત્તિર્ણ થવાનું ધોરણ પ્રત્યેક વિષયમાં ૪૦% ગુણ રહેશે. જેફરજીયાત છે.
(૨) દરેક ઉમેદવારની હાજરી વર્ષ દરમ્યાન ૭૫% હોવી જરૂરી છે. તથા આંતરિક કાર્યના ગુણમાં પાસ થવુ જરૂરી છે.
(3) ૪૦% ગુણે પાસ
૫૦% ગુણે બીજોવર્ગ
૬૦% ગુણે પ્રથમવર્ગ
૭૦% ગુણે ડિસ્ટીંક્શન
(૪) બધા વિષયોમાં પાસ થવુ ફરજીયાત છે જેની પરીક્ષા વર્ષની આખરમાં લેવામાં આવશે.

**શૈક્ષણિક કાર્ય માટે પ્રધ્યાપકોની શૈક્ષણિક લાયકાત**

પૂરા સમયનો અભ્યાસક્રમ કરેલ કોઈપણ શાખાના કલાના સ્નાતક-તથા કલાના અનુસ્નાતક ડિપ્લોમા ઈન પેઈન્ટીંગ/ એપ્લાઈડ આર્ટ/ શિલ્પ. ડિપ્લોમા-ડિગ્રી -પોસ્ટ ગ્રેજ્યુએશન-પોસ્ટ ડિપ્લોમા લાયકાત ધરાવતા ઉમેદવારો.

## પ્રથમવર્ષ પેઈન્ટીંગ અભ્યાસક્રમના વિષયો

| ક્રમ | વિષય | પેપર નંબર | ગુણ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | ડિઝાઈન એન્ડ કલર/નેચર | ૧ | ૧૦૦ | ૩ |
| ૨ | મેન મેઈડ ઓબજેક્ટ/સ્ટીલ લાઈફ | ૨ | ૧૦૦ | ૩ |
| ૩ | મેમરી ડ્રોઈંગ/એનોટોમી | ૩ | ૫૦ | ૨ |
| ૪ | હેડસ્ટડી/પોર્ટ્રેટ(પેન્સીલમાં) | ૪ | ૧૦૦ | ૩ |
| ૫ | થીયરી | ૫ | ૧૦૦ | ૨ |
| ૬ | વાર્ષિક કાર્યનું મુલ્યાંકન | ૬ | ૧૦૦ | - |
| કેલીગ્રાફી/સ્કેચીંગ /ગ્રાફીક વિષયોની તાલીમ આપવી પરીક્ષા નહિ | | | કુલગુણ ૫૫૦ | |

નોંધ-
દરેક પ્રેક્ટીકલ પેપર નં.૧,૨,૩,૪ માટે ક્વાટર સાઈઝ(૧૧ X ૧૫ ઈંચ)નો ડ્રોઈંગ પેપર આપવો.
પેપર નં.-૧ ડિઝાઈન એન્ડ કલર પરીક્ષામાં પૂછવુ નેચર માત્ર શીખવવાનું.
પેપર નં.-૨ મેન મેઈડ ઓબજેક્ટ/સ્ટિલ લાઈફ વિષય માંથી પરીક્ષકે ગમેતે એક વિષય પૂછવો.
પેપર નં.-૩ મેમરી ડ્રોઈંગ પરીક્ષામાં માત્ર પેન્સિલ વડે કરવાનુ પૂછવુ. એનોટોમી માત્ર શીખવવી.
પેપર નં.-૪ હેડ સ્ટડી/પોર્ટ્રેટ બંને પૂછવા. માત્ર પેન્સિલ વડે
(હેડ સ્ટડી ૫૦ ગુણ ૧:૩૦ કલાક/પોર્ટ્રેટ ૫૦ગુણ ૧:૩૦ કલાક કુલ ૧૦૦ગુણ)
પેપર નં.-૫ થીયરી નીચે મુજબના યુનિટ અને ગુણ સાથે અભ્યાસક્રમ. કુલગુણ ૧૦૦

યુનિટ-૧(૨૦ ગુણ)
કલાનો અર્થ(કલા એટલે શું ?) - કલાસર્જનના ઉદ્દેશો(કલા સર્જન શા માટે ?) - ચિત્રકલાના માધ્યમોનો પરિચય, તેની વિશિષ્ટતાઓ અને ઉપયોગ(જળમિશ્રીત રંગો, તૈલ રંગો, ક્રેયોન, પેસ્ટલ, પેન્સિલ, ચારકોલ,પાઉડર રંગો. - ચિત્ર સર્જનનાવિવિધ ફલકો(કાગળ, કેનવાસ, હાર્ડબોર્ડ,પ્લાઈવુડ, એક્રલીક વગેરે. - ચિત્ર કલાના ઉપકરણો(TOOLS) (પેન્સિલ, ચારકોલ, રબ્બર, કટર, કંપાસબોક્સ પીંછીઓ,પેલેટ, નાઈફ, કેન, ટ્યુબ, આંગળીઓ, કપડું વગેરે)

યુનિટ-૨(૨૦ ગુણ)
- વિવિધ લલીતકલાઓ(ચિત્ર,શિલ્પ, સ્થાપત્ય, નાટ્ય, સંગીત, નૃત્ય) - દરેકની વિશિષ્ટતાઓ - ઉપયોગ - તેમનો પારસ્પરીક સંબંધ - સામ્ય-ભેદ - સૌંદર્યશાસ્ત્રીય(esthetic)ભૂમિકા - સિનેમા, ટી.વી., વીડીયો, ઓડીયો, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ વગેરે જેવાં અર્વાચીન માધ્યમો સાથે બદલાતા કલાના રૂપ રંગ.

યુનિટ -૩(૨૦ ગુણ)
ચિત્રકલાના મૂળભૂત સિધ્ધાંતો - મૂખ્યતત્વો(રંગ,રેખા,આકાર) - અન્ય મહત્વના તત્વો જેવાકે છાયાભેદ(ટોન, ) - ઘનતા(volume) અવકાશ(space )- દ્રષ્ટિ સાંદર્ય(PERSPECTIVE), પ્રમાણભાન(.proportion), જૂથ(mass), હલનચલન, લય, છંદ, સંતુલા, પોત(texture) વગેરે - તેમના અર્થ, પ્રકાર, ઉપયોગ - વિષયવસ્તુ(theme) - ભાવાભિવ્યક્તિ - સંરચના(composition)

યુનિટ - ૪(૨૦ ગુણ)
- ભારતના સચિત્ર હસ્તલિખિત ગ્રંથો - તેની શૈલીઓ જેવી કે પાલ શૈલી, જૈન શૈલી - લઘુચિત્રો - રાજપૂત કલા - રાજસ્થાની શૈલી - પહાડી શૈલી - કાંગરા કલમ - ગઢવાલ કલમ - બસોલી - જમ્મુ કલમ - મોગલ શૈલી- દખ્ખણ શૈલી.

યુનિટ - ૫(૨૦ ગુણ)
- આધુનિક કલાના પ્રવાહો - વિખ્યાત ભારતીય ચિત્રકારો - રાજા રવિવર્મા - અવનીન્દ્રનાથ ટાગોર - નંદલાલ બોઝ -યામિની રોય - દેવી પ્રસાદરોય ચૌધરી - અમૃતા શેરગીલ - જગન્નાથ અહિવાસી - નારાયણ શ્રીધર બેન્દ્રે - કે. કે. હેબર - શચાવક્ષ ચાવડા -મકબુલ ફિદા હુસૈન - રવિશંકર રાવળ - યજ્ઞેશ્વર શુક્લ - રસિકલાલ પરિખ - સોમાલાલ શાહ.

## બીજુવર્ષ પેઈન્ટીંગ અભ્યાસક્રમના વિષયો

| ક્રમ | વિષય | પેપર નંબર | ગુણ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | હેડસ્ટડી(ઓઈલમાધ્યમ) | ૧ | ૧૦૦ | ૫ |
| ૨ | ફુલફીગર સ્ટડી(પેન્સીલ) | ૨ | ૧૦૦ | 3 |
| 3 | સ્ટીલલાઈફ(ઓઈલમાધ્યમ) | 3 | ૧૦૦ | ૫ |
| ૪ | કલર કમ્પોઝીશન | ૪ | ૧૦૦ | ૫ |
| ૫ | શીયરી | ૫ | ૧૦૦ | ૨ |
| ૬ | વાર્ષિક કાર્યનું મુલ્યાંકન | ૬ | ૧૦૦ | - |
| સ્કેચીંગ વિષયની તાલીમ આપવી પરીક્ષા નહિ | | | કુલગુણ ૬૦૦ | |

નોંધ-

પેપર નં.૧ હેડસ્ટડી ૧/૨ ઓઈલ પેપર પર ઓઈલકલર માધ્યમથી કરાવવુ
પેપર નં. ૨ ફુલ ફીગર સ્ટડી ૧/૨ ડ્રોઈંગ પેપર પર માત્ર પેન્સિલથી કરાવવુ
પેપર નં. 3 સ્ટીલ લાઈફ ૧/૨ ઓઈલ પેપર પર ઓઈલ કલર માધ્યમથી કરાવવુ.
પેપર નં. ૪ કલર કમ્પોઝીશન ૧/૨ ડ્રોઈંગ પેપર પર મીક્સમીડીયા માધ્યમથી કરાવવુ.
પેપર નં ૫ શીયરી
નીચે મુજબના યુનિટ અને ગુણ સાથે અભ્યાસક્રમ. કુલગુણ ૧૦૦

યુનિટ - ૧(૨૦ ગુણ)
-મોહેં-જો-દડો અને હડપ્પાની કલાસંસ્કૃતિ - દ્રાવિડો - આર્યોનું આગમન - શરૂઆતની બૌધ્ધ કલા - મોર્યવંશ:શિલ્પ, સ્થાપત્ય,સ્તંભો,શિલાલેખો - સ્તૂપો - શુંગ અને કણ્વ વંશ - ગુફામંદિરો - અજંતા અને ઈલોરાની કલા - કુશાનવંશ - ગાંધારશૈલી

યુનિટ - ૨(૨૦ ગુણ)
ગુપ્તયુગની કલા - મધ્યયુગની કલા - પૂર્વમધ્યકાળના ગુફામંદિરો - બદામીના મંદિરો - મહાબલિપુરમના મંદિરો ઈલોરા અને એલિફન્ટાની ગુફાઓ - પાલશૈલીના શિલ્પ - ઉત્તર મધ્યકાળ - પૂર્વ ભારત : ઓરિસ્સા પ્રાંતનાં ભુવનેશ્વર, કોનાર્ક તથા પુરીનાં મંદિરો - ઉત્તરભારતમાં ખજુરાહોના મંદિરો - પશ્ચિમમાં આબુ, ગિરનાર તથા શેત્રુંજયનાં જૈન મંદિરો - દક્ષિણમાં તાંજોર, કાંચીપુરમ, મદુરા, હળેબીડ અને બેલૂરનાં મંદિર

યુનિટ - 3(૨૦ ગુણ)
- દક્ષિણ ભારતનું કાંસાનું શિલ્પ - વિજયનગરનું સામ્રાજ્ય - હિંદુઈસ્લામી સ્થાપત્ય - પઠાણશૈલીના હેઠળનું સ્થાપત્ય
- પ્રાંતીય શૈલીઓ :- પંજાબ - બંગાળ - જૈનપુર - ગુજરાત - માળવા - દખ્ખણ - બીજાપુર - સૂરવંશનું સ્થાપત્ય
- મોગલયુગનું સ્થાપત્ય.

યુનિટ - ૪(૨૦ ગુણ)
ભારતીય ચિત્રશાસ્ત્રના નિયમો(ષડાંગ) - રૂપભેદ - પ્રમાણ - ભાવ - લાવણ્ય યોજના - સાદૃશ્ય - વર્ણિકાભંગ -બૌધ્ધ કાલીન ગુફાચિત્રો - સીત્તન - વાસલની જૈનગુફામાંના ચિત્રો - વેરળ(ઈલોરા)નાં ભીંતચિત્રો - આધુનિક યુગની ચિત્ર,શિલ્પ અને સ્થાપત્ય કલા.

યુનિટ - ૫(૨૦ ગુણ)
- ચિત્ર કૃતિનું રસદર્શન :
- ચિત્રનું શીર્ષક - ચિત્રકાર - માધ્યમ - ટેકનિક-શૈલી - વિષયવસ્તુ - ભાવાભિવ્યક્તિ - આલેખન - સંરચના (composition) - રંગ,રેખા,આકાર, ટેક્સચર, અવકાશ, પ્રમાણભાન,ઊંડાઈ, ઘનતા, સંતુલા, લય વગેરેના સંદર્ભમાં વિવેચન.

## ત્રીજુવર્ષ પેઈન્ટીંગ અભ્યાસક્રમના વિષયો

| ક્રમ | વિષય | પેપર નંબર | ગુણ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | કમ્પોઝીશન(કેનવાસ) | ૧ | ૧૦૦ | ૫૫ કલાક<br>૫ કલાક ૩ દિવસ |
| ૨ | ફૂલફીગર સ્ટડી ઈન ઓઈલ<br>અથવા | ૨ | ૧૦૦ | ૯ કલાક<br>૩કલાક ૩દિવસ |
| ૨ | કોમ્પ્યુટર ડિઝાઇન | ૨ | ૧૦૦ | ૫ કલાક |
| ૩ | થીયરી | ૩ | ૧૦૦ | ૨ કલાક |
| ૪ | વાર્ષિક કાર્યનું મુલ્યાંકન | ૪ | ૧૦૦ | |
| | | | કુલગુણ ૪૦૦ | |

નોંધ-
પેપર નં.૧ કંપોઝીશન વિષય અનુકુળ માપના કેનવાસ, ડ્રોઈંગ પેપર, હાર્ડબોડ પર કોઇ પણ માધ્યમ વડે કરાવવુ.
પેપર નં. ૨ ફૂલ ફીગર સ્ટડી ફૂલ ઈમ્પીરીયર ઓઈલ પેપર પર ઓઈલ કલર વડે કરાવવુ.
પેપર નં. ૨માં ફૂલફીગર સ્ટડી ઈન ઓઈલ અથવા કોમ્પ્યુટર વિષય વર્ષની શરૂઆતથી પસંદગી કરાવવી અને જેતે વિષયની તાલીમ આપવી.
પેપર નં. ૨ કોમ્પ્યુટર વિષયમાં તેની સમજણ,ઉપયોગ - પેઈન્ટબ્રશ - પેજમેકર - કોરલડ્રો -ફોટોશોપ
પેપર નં ૩ થીયરી

નીચે મુજબના યુનિટ અને ગુણ સાથે અભ્યાસક્રમ. કુલગુણ ૧૦૦

યુનિટ - ૧(૨૦ ગુણ)
-પ્રાગૈતિહાસિક કાળ - આદિમાનવ - તેની જીવનશૈલી - ગુફાચિત્રો - પ્રાચીન સંસ્કૃતિઓ - ઈજીપ્તની કલા -પિરામિડો - શિલ્પ, સ્થાપત્ય, ચિત્રો - મેસોપોટેમિયાની કલા - ટાપુ સંસ્કૃતિઓ - ક્રીટનો ટાપુ - વાસણો પર કલાકારીગરી.

યુનિટ - ૨(૨૦ ગુણ)
-ગ્રીક સંસ્કૃતિ - શિલ્પ, સ્થાપત્ય, વાસણો - જીવન પ્રત્યેનું વલણ - તત્વજ્ઞાન - કલામાં વાસ્તવવાદ -સામ્રાજ્યવાદ - ગ્રીકનું પતન - એસ્ટ્રુન કલા - રોમન સંસ્કૃતિ - શિલ્પ, સ્થાપત્ય, ધાતુકામ, - સ્મારકો, વ્યક્તિશિલ્પ - રોમન સામ્રાજ્યનું પતન.

યુનિટ - ૩(૨૦ ગુણ)
-મધ્યયુગની કલા - શરૂઆતની ખ્રિસ્તી કળા અને બિઝેન્ટાઈન કલા - ધર્મ અને કલા - ભીંતચિત્રો - મોઝેકચિત્રો -હાથીદાંતની કોતરણી - રોમનેસ્ક કલા - હસ્તપ્રતો - અક્ષરાલેખન - લઘુચિત્રો - ગોથીકકલા - ચર્ચની વિશિષ્ટ બાંધણી - સ્ટેઇનગ્લાસ પેઈન્ટીંગ - ગોથીક લઘુચિત્રો.

યુનિટ - ૪(૨૦ ગુણ)
પુનરુત્થાન કાળ - યુરોપમાં દરેક ક્ષેત્રમાં મોટી ક્રાંતિ - ફ્લોરેન્સની ચિત્રકલા - વાસ્તવવાદની ચરમસીમા - તૈલચિત્રોનો પ્રારંભ - લિઓનાર્દો-દ-વિન્ચી - માઈકલ એન્જેલો - રાફાયેલ - બારોકયુગ - રૂબેન્સ - રેમ્બ્રાં - આધુનિક યુગ - ઈમ્પ્રેશનિઝમ - કલોદ મોને - પોસ્ટઈમ્પ્રેશનિઝમ - સેઝાં - વાનગોગ - પોલગોગાં - ક્યુબિઝમ - પીકાસો, બ્રાક - ફોવિઝમ - હેન્રી માતીસ - આધુનિક શિલ્પ, સ્થાપત્ય.

યુનિટ - ૫(૨૦ ગુણ)
- ચિત્રકૃતિનું રસદર્શન :- એક કૃતિ અથવા - બે ચિત્રકૃતિમાં સામ્યભેદ :- શૈલી, ટેકનિક, આલેખન,સંરચના, રંગાયોજન, પોત, સંતુલા, લય, અવકાશ વગેરે - વિષયવસ્તુ - ભાવાભિવ્યક્તિ વગેરે સંદર્ભમાં.

ત્રણેય વર્ષ માટેના સંદર્ભગ્રંથો :

૧. રૂપપ્રદ કલા - માર્કંડભાઈ ભટ્ટ
૨. કલા સાધના - નટુભાઈ મિસ્ત્રી,(ચેતક)
૩. કલા દર્પણ - વાસુદેવ સ્માર્ત અને જ્યોતિબેન શાહ
૪. કલા માધુર્ય - કનુ નાયક
૫. કલાવૃત - નટુભાઈ પરિખ
૬.ચિત્રકળા પાઠ્યપુસ્તક ધોરણ-૮,૯
૭. વિકાસ આર્ટ બુક ધોરણ- ૮,૯

## ડિપ્લોમા ઈન પેઈન્ટીંગ અભ્યાસક્રમના એડહોક બોર્ડના સભ્યો

(૧) શ્રી ભરતભાઈ પંડ્યા (ભાવનગર)
(૨) શ્રી અજીતભાઈ પટેલ (વલ્લભવિદ્યાનગર)
(૩) શ્રી રણવીરસિંહ ચૌહાણ (વલ્લભવિદ્યાનગર)
(૪) ડૉ. પૂર્ણિમાબેન મહેતા (ડીન શ્રી વિનયન વિદ્યાશાખા)